શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ઓન્કોલોજી વિભાગ (કેન્સરના રોગ)
(મોંઢા અને જીભનું કેન્સર, સ્વરયંત્રનું કેન્સર, થાઈરોઈડ તથા પેરોટેડ, સ્તન, ગર્ભાશય તથા અંડાશય, અન્નનળી, જઠર તથા આંતરડા, ફેફસાનું કેન્સર, કીડની તથા પેટને લગતા કેન્સર)
- ડૉ. આકાશ વાઘાણી - M.Ch, Surgical Oncology (દર મંગળવાર અને શુક્રવાર - સાંજે ૪ થી ૫)
- ડૉ. સાગર અગ્રવાલ - MDS, Fellowship Head & Neck Surgical Oncoloy (દર સોમવાર અને ગુરૂવાર - સાંજે ૫ થી ૬)
- ડૉ. દિનેશ શાહ - MDS, Fellowship Head & Neck Surgical Oncoloy (દર બુધવાર - સાંજે ૩ થી ૫)
હિમેટોલોજીસ્ટ વિભાગ (લોહીના રોગ)
લોહી-રક્ત (બ્લડ)ને સંબંધિત રોગો તેમજ બ્લડને સંબંધિત કેન્સરના રોગ માટેના તજજ્ઞ હિમેટોલોજીસ્ટ તબીબની ઓ. પી. ડી. .... સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬
- ડૉ. ચિરાગ ત્રિવેદી - M.D., DM in Clinical Haematology


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદ્યાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ અગિયારસ રવિવાર ૨૯ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૨

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# યુદ્ધમાં હુથીઓ પણ જોડાયા: વહાણવટા પર નવું જોખમ

**ઇરાનના** ટેકેદાર હુથી બળવાખોરોએ ઇઝરાયેલ પર મિસાઇલો છોડી, યુદ્ધમાં ઝંપલાવવાની ધમકીના બીજા જ દિવસે ઝંપલાવી દીધું

**હોરમઝની** સામુદ્રધૂનિમાં અવરોધો છે ત્યારે હવે હુથીઓ રાતા સમુદ્રમાં જહાજોને નિશાન બનાવે તેવો ભય

**ઇરાન** અને ઇઝરાયેલના સામસામા હુમલાઓ ચાલુ

**સના, તા. 28:** યમનના ઈરાન સમર્થિત મિલિશિયા જૂથ 'હુથીઓ'એ શનિવારે સવારે દક્ષિણ ઈઝરાયેલને નિશાન બનાવીને બેલેસ્ટિક મિસાઈલ હુમલો કર્યો હતો, જેના કારણે બીરશેબા અને આસપાસના વિસ્તારોમાં એર-રેડ સાયરન વાગવા લાગી હતી. 28 ફેબ્રુઆરીએ ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા બાદ ઈરાન સાથે જોડાયેલા આ જૂથનો આ પ્રથમ હુમલો હતો. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના જણાવ્યા અનુસાર, હુથીઓએ એક નિવેદનમાં આ હુમલાની જવાબદારી સ્વીકારતા

...અનુસંધાન પાના 11 પર

## સાઉદીમાં લશ્કરી થાણા પર ઇરાનનો હુમલો: અનેક અમેરિકી સૈનિકો ઘાયલ

**બે સૈનિકોને** ગંભીર ઇજા થઇ હોવાના અહેવાલ

**થાણા** પર મૂકાયેલા અનેક અમેરિકી વિમાનોને નુકસાન

**ઇરાની** લશ્કર નેસ્તનાબૂદ થઇ ગયું હોવાના ટ્રમ્પના દાવાના બીજા જ દિવસે મોટો હુમલો થયો

**વોશિંગ્ટન, તા. ૨૮:** બે અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર, શુક્રવારે ઈરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં સાઉદી અરેબિયામાં આવેલા લશ્કરી બેઝ પર ઓછામાં ઓછા ૧૦ અમેરિકન સૈનિકો ઘાયલ થયા છે અને અનેક વિમાનોને નુકસાન પહોંચ્યું છે. જો કે બાદમાં મળેલા અહેવાલ અનુસાર અનેક અમેરિકન સૈનિકોને ઇજા થઇ છે, જેનો આંકડો સ્પષ્ટ દર્શાવાયો નથી. પરિસ્થિતિથી વાકેફ એક અધિકારીએ જણાવ્યું કે, ઘાયલ થયેલા સૈનિકોમાંથી બેની હાલત ગંભીર છે. બંને અધિકારીઓએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રિન્સ સુલતાન એર બેઝ પર થયેલા આ હુમલામાં અમેરિકાના અનેક રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ (ઈંધણ ભરનારા વિમાનો)ને નુકસાન થયું છે. આ વિમાનોને થયેલું નુકસાન દર્શાવતી સેટેલાઇટ તસવીરો પણ ઇન્ટરનેટ પર જાહેર થઈ છે. આ હુમલો, જેમાં ઈરાની મિસાઈલ અને માનવરહિત ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદનના એક દિવસ પછી આવ્યો છે જેમાં તેમણે કહ્યું હતું કે ઈરાન નેસ્તનાબૂદ થઈ ગયું છે. આ સાથે જ સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પણ દાવો કર્યો હતો કે ઇતિહાસમાં ક્યારેય કોઈ દેશની સેનાને આટલી ઝડપથી અને અસરકારક રીતે નિષ્ક્રિય કરવામાં આવી નથી. યુએસ સેન્ટ્રલ કમાન્ડે શુક્રવારે અગાઉ જણાવ્યું હતું કે મહિનાભર ચાલેલા આ સંઘર્ષમાં

...અનુસંધાન પાના 11 પર

## દુબઇ અને કુવૈતમાં ઇરાનના હુમલા

**તહેરાન, તા. ૨૮:** મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે ઈરાને દાવો કર્યો છે કે તેણે દુબઈમાં યુએસ આર્મીના બે અડ્ડાઓ પર હુમલો કર્યો છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ્સ કોર્પ્સે આ અડ્ડાઓ પર સચોટ મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા, જ્યાં 500 થી વધુ યુએસ આર્મીના જવાનો તૈનાત હોવાનું કહેવાય છે. પ્રવક્તાએ એવો પણ દાવો કર્યો હતો કે દુબઈમાં એમ્બ્યુલન્સો કલાકો સુધી મૃત અને ઘાયલ અમેરિકનોને સ્થાનાંતરિત કરવામાં વ્યસ્ત હતી. કુવૈત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ઇરાની મિસાઇલ પડી હોવાના અહેવાલ છે. પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું કે, "ટ્રમ્પ અને યુએસ આર્મીના કમાન્ડરોએ હવે સંપૂર્ણ રીતે સમજી લેવું જોઈએ કે આ પ્રદેશ અમેરિકન સૈનિકો માટે સ્મશાનમાં ફેરવાઈ જશે, અને તેમની પાસે ઇસ્લામના બહાદુર યોદ્ધાઓ અને પરાક્રમી લોકોની દૈવી ઇચ્છા સામે શરણાગતિ સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં. જોકે, યુએસ સેન્ટ્રલ કમાન્ડે આ દાવાનું ખંડન કરતા જણાવ્યું છે કે દુબઈમાં કોઈ

...અનુસંધાન પાના 11 પર




● પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે હોર્મુઝની સામુદ્રધુની પાર કરીને 47,000 મેટ્રિક ટન લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) લઈને ભારતીય ધ્વજ ધરાવતું જહાજ 'જગ વસંત' ગુજરાતના જામનગરના વાડીનાર બંદરે આવી પહોંચતા ગેસ કટોકટીમાં વધુ રાહતની આશા છે. શુક્રવારે રાત્રે આવી પહોંચેલ આ જહાજના કર્મચારીઓ સાથે સ્થાનિક પોર્ટ કર્મચારીઓ વગેરે નજરે પડે છે.



## UAEમાં મિસાઈલનો કાટમાળ પડતા પાંચ ભારતીયોને ઈજા

**અબુધાબી** ઇકોનોમી ઝોન નજીક બેલાસ્ટિક મિસાઇલ તોડી પડાયા બાદ કાટમાળ નીચે પડ્યો હતો

**અગાઉ** ગુરુવારે આવી ઘટનામાં એક ભારતીયનું મોત થયું હતું

દુબઈ, તા. ૨૮(PTI): સંયુક્ત આરબ અમીરાત (UAE)માં ખલીફા ઈકોનોમિક ઝોન અબુ ધાબી (KEZAD)ની આસપાસના વિસ્તારમાં બેલેસ્ટિક મિસાઈલ તોડી પાડવામાં આવ્યા બાદ તેના અવશેષો પડવાને કારણે પાંચ ભારતીયો ઘાયલ થયા હોવાનું સ્થાનિક મીડિયાએ શનિવારે અહેવાલ આપ્યો છે.

અબુ ધાબી મીડિયા ઓફિસે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓએ પુષ્ટિ કરી

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાન હજી પણ ભારતને નિશાન બનાવતા આતંકવાદી જૂથોને આશ્રય આપી રહ્યું છે: અમેરિકી અહેવાલ

**અમેરિકી** સંસદની સંશોધન પાંખના અહેવાલમાં જણાવાયું કે લશ્કરે તૈયબા અને જૈશ હજી પણ પાકિસ્તાની પ્રદેશમાંથી પ્રવૃતિઓ ચલાવી રહ્યા છે

**અહેવાલમાં** એવું પણ જણાવાયું કે પાકિસ્તાન આતંકવાદથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ છે



વોશિંગ્ટન, તા. 28: કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ (સીઆરએસ)ના અહેવાલમાં જાણવા મળ્યું છે કે, પાકિસ્તાને તેની ધરતી પર ભારત અને કાશ્મીરને નિશાન બનાવતા જૂથો સહિત અનેક આતંકવાદી સંગઠનોને આશ્રય આપવાનું ચાલુ રાખ્યું છે. અહેવાલમાં હાઈલાઈટ કરવામાં આવ્યું છે કે, વર્ષોના સૈન્ય ઓપરેશન્સ અને નીતિગત પગલાં હોવા છતાં આતંકવાદી જૂથો પાકિસ્તાની ધરતી પર પોતાની ગતિવિધિઓ કરી રહ્યા છે.

કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસે જણાવ્યું હતું કે, ભારત પર કેન્દ્રિત એવા કેટલાક જૂથો હજી પણ સક્રિય છે. ૨૦૦૮ના મુંબઈ હુમલા માટે જવાબદાર લશ્કર-એ-તૈયબા અને ૨૦૦૧માં ભારતીય સંસદ પર થયેલા હુમલા સાથે જોડાયેલ જૈશ-એ-મોહમ્મદ હજી પણ પાકિસ્તાની પ્રદેશમાંથી તેમની ગતિવિધિઓ ચલાવી રહ્યા છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાનનો ઉપયોગ આ આતંકવાદી જૂથો માટે એક અડ્ડો અને લક્ષ્ય એમ બંને તરીકે થઈ રહ્યો છે. પાકિસ્તાને તાજેતરનાં વર્ષોમાં આતંકવાદમાં તીવ્ર વધારો જોયો છે. સતત પાંચ વર્ષ સુધી ઘટતા મૃત્યુઆંક બાદ, જે ૨૦૧૯માં ઘટીને ૩૬૫ થયો હતો, આતંકવાદ સંબંધિત મૃત્યુની સંખ્યા દર વર્ષે વધી રહી છે, જે ૨૦૨૫માં વધીને ૪,૦૦૧ પર પહોંચી ગઈ છે, જે ૧૧ વર્ષમાં સૌથી વધુ મૃત્યુ છે. અહેવાલ મુજબ, પાકિસ્તાન આતંકવાદથી 'સૌથી વધુ પ્રભાવિત' દેશ છે, જે ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાનના સત્તામાં પાછા ફર્યા પછી આતંકવાદના પુનરુત્થાનને પ્રતિબિંબિત કરે છે. વધુમાં, અમેરિકી સંસદની સંશોધન પાંખને એ પણ જાણવા મળ્યું છે કે, મોટા ભાગના આતંકવાદી જૂથો ઈસ્લામી કટ્ટરપંથી વિચારધારાથી પ્રેરિત છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ જૂથો પાંચ વ્યાપક શ્રેણીઓમાં આવે છે: વૈશ્વિક સ્તર પર સક્રિય, અફઘાનિસ્તાન પર કેન્દ્રિત, ભારત- અને કાશ્મીર પર કેન્દ્રિત, ઘરેલું સ્તર પર સક્રિય અને સાંપ્રદાયિક સંગઠનો. અલ-કાયદા એક એવું જૂથ છે જે આ વિસ્તારમાં હજી પણ સક્રિય છે, ભલે તેનું **મુખ્ય માળખું ગંભીર રીતે નબળું પડી ગયું હોય**, અને તે અન્ય આતંકવાદી સંગઠનો સાથે ગઠબંધન જાળવી રાખે છે.

## રશિયા 1 એપ્રિલથી ક્રૂડની નિકાસ પર પ્રતિબંધ મૂકશે, સરકારનું નિવેદન

**આંતરરાષ્ટ્રીય** બજારની ઉથલપાથલને ધ્યાનમાં લઇને અને ઘરઆંગણે વધતા ભાવોને નાથવા લેવાયેલો નિર્ણય

મોસ્કો, તા. 27 (રોઈટર્સ) - રશિયન સરકારના જણાવ્યા અનુસાર, રશિયાના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર એલેક્ઝાન્ડર નોવાકે શુક્રવારે ઊર્જા મંત્રાલયને 1 એપ્રિલથી ગેસોલિનની નિકાસ પર પ્રતિબંધ મૂકતો ઠરાવ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે.

સરકારી સમાચાર સંસ્થા ટીએએસએસએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે, આ પ્રતિબંધ 31 જુલાઈ સુધી અમલમાં રહેશે.

નોવાકે જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલી કટોકટીને કારણે વૈશ્વિક તેલ અને તેલ ઉત્પાદનોના બજારમાં મચેલી હલચલ ભાવમાં મોટા ઉતાર-ચઢાવ તરફ દોરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, તે જ સમયે વિદેશી બજારોમાં રશિયન ઊર્જા સંસાધનોની ઊંચી માંગ એક સકારાત્મક પરિબળ બની રહી છે. સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઈલ પ્રોસેસિંગનું પ્રમાણ ગયા વર્ષના સ્તરે જ જળવાઈ રહ્યું છે, જે તેલ ઉત્પાદનોના સ્થિર પુરવઠાની ખાતરી આપે છે.

ગયા વર્ષે યુક્રેને રશિયન ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા તેજ કર્યા હતા અને ઈંધણની માંગમાં મોસમી વધારો થયો હતો, ત્યાર બાદ રશિયાના કેટલાક પ્રદેશો અને રશિયાના નિયંત્રણ હેઠળના યુક્રેનના ભાગોમાં ગેસોલિનની અછત નોંધાઈ હતી.

રશિયાએ ઘરઆંગણે ઈંધણના વધતા ભાવને અંકુશમાં લેવા અને અછતને દૂર કરવા માટે વારંવાર ગેસોલિન અને ડીઝલની નિકાસ પર

...અનુસંધાન પાના 11 પર

## પહેલી એપ્રિલથી બેઝિક પગારના નિયમમાં ફેરફાર, નવો આવકવેરા કાયદો

**હવે રૂ. ૫૦૦૦૦** જમા કરાવવા માટે પાન નહીં, પરંતુ વર્ષે કુલ રૂ. દસ લાખ જમા કરાવવા પર આપવો પડશે

નવી દિલ્હી, તા. ૨૮: 1 એપ્રિલ 2026 થી, ભારતના શ્રમ અને કર કાયદાઓમાં વ્યાપક સુધારાઓનો સમૂહ અમલમાં આવશે, જે પગારના માળખાથી લઈને એમ્પ્લોયર તમારા બાકી નાણાં કેટલા સમય સુધી કાયદેસર રીતે રોકી શકે છે તે બધું જ બદલી નાખશે. દરેક કાર્યરત ભારતીયે જે જાણવાની જરૂર છે તે અહીં છે.

દાયકાઓ સુધી, ભારતીય કંપનીઓએ બેઝિક સેલેરીના ઘટકને કૃત્રિમ રીતે ઓછો રાખ્યો હતો, જે ઘણીવાર કુલ પગારના 25% થી 40% ની વચ્ચે રહેતો. આ એક એવી વ્યૂહરચના હતી જેનાથી એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPF) અને ગ્રેચ્યુઈટીમાં ફાળો ઓછો થતો અને હાથમાં આવતો પગાર વધુ રહેતો. હવે તે પ્રથાનો અંત આવ્યો છે હવે વેતનની એક સમાન વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે. બેઝિક પે, મોંઘવારી ભથ્થું (DA) અને રિટેનિંગ એલાઉન્સ મળીને હવે કર્મચારીના કુલ કોસ્ટ ટુ કંપની (CTC)ના ઓછામાં ઓછા 50% હોવા જોઈએ. ખાનગી ક્ષેત્રમાં DA અને રિટેનિંગ એલાઉન્સ અસામાન્ય હોવાથી, મોટાભાગની કંપનીઓએ આ મર્યાદા પૂરી કરવા માટે બેઝિક પે વધારવો પડશે. આ નિયમ ભારતના દરેક પ્રતિષ્ઠાનને સાર્વત્રિક રીતે લાગુ પડે છે, પછી ભલે તે 20 લોકોનું સ્ટાર્ટઅપ હોય કે 50,000 કર્મચારીઓ ધરાવતી મોટી કંપની. વધારે બેઝિક સેલેરીની અસર નોંધપાત્ર છે. EPF ફાળો અને ગ્રેચ્યુઈટીની ગણતરી બેઝિક વેતનના ટકા તરીકે કરવામાં આવતી હોવાથી, બંનેમાં વધારો થશે. કર્મચારીઓ માટે, આનો અર્થ એ છે કે ટૂંકા ગાળામાં માસિક ટેક-હોમ પેમાં થોડો ઘટાડો થઈ શકે છે. પરંતુ તેની સામે નિવૃત્તિ સમયે મોટું ભંડોળ મળશે: વર્ષો સુધી ઉચ્ચ EPF ફાળો મોટી લાંબા ગાળાની બચતમાં ફેરવાશે. નોકરી છોડતી વખતે મળતી ગ્રેચ્યુઈટીની રકમ પણ વધુ હશે, કારણ કે ગ્રેચ્યુઈટીની ગણતરી છેલ્લા લેવાયેલા બેઝિક પે પર થાય છે. એમ્પ્લોયર્સ માટે પણ આની અસર થશે. ઉદ્યોગ વિશ્લેષકોના અંદાજ મુજબ, આ સુધારાથી મોટાભાગની સંસ્થાઓ માટે PF અને ગ્રેચ્યુઈટીના વૈધાનિક ખર્ચમાં 5-15% નો વધારો થશે. કર્મચારીઓને બાકી પગાર,

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૮-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૬° સે. | ૨૪.૬° સે. | ૬૦% |

MBS સાથે વડાપ્રધાનની ટેલિફોનિક વાતચીત

## વહાણવટાની સ્વતંત્રતા બાબતે મોદી અને સાઉદી પાટવીકુંવર સહમત

**ઇરાન** યુદ્ધ શરૂ થયું તે પછી બંને નેતાઓની આ બીજી વખત ફોન પર વાતચીત થઇ

નવી દિલ્હી, તા. 28 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાતચીત કરી હતી. તેમની સાથે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી હતી અને નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર સહમતી વ્યક્ત કરી હતી.

સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ સાથેની તેમની ટેલિફોનિક વાતચીતમાં વડા પ્રધાને પ્રાદેશિક ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓની ભારતની નિંદાને પણ દોહરાવી હતી.

વડાપ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન, એચઆરએચ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાત કરી અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વિશે ચર્ચા કરી."

મોદીએ કહ્યું કે, બંને નેતાઓ વહાણવટાની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અને શિપિંગ લાઇનને ખુલ્લી અને સુરક્ષિત રાખવાની જરૂરિયાત પર સંમત થયા છે.

વડાપ્રધાનએ ઉમેર્યું હતું કે, "સાઉદી અરેબિયામાં ભારતીય સમુદાયના કલ્યાણ માટે તેમના સતત સમર્થન બદલ મેં તેમનો આભાર માન્યો હતો." 28 ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી વડા પ્રધાન અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ વચ્ચે આ બીજી ટેલિફોનિક વાતચીત હતી.

જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે

...અનુસંધાન પાના 11 પર

## એન્જિન ફેઇલ થતા ઇન્ડિગોની ફ્લાઇટનું દિલ્હી એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ

**લેન્ડિંગ** પહેલા એરપોર્ટ પર ફુલ ઇમરજન્સી જાહેર કરાઇ

**સદભાગ્યે** તમામ મુસાફરો અને કર્મચારીઓ હેમખેમ




**નવી દિલ્હી, તા. 28:** વિશાખાપટ્ટનમથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટમાં શનિવારે શંકાસ્પદ એન્જિન ફેલ થવાની જાણ થતાં દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (આઈજીઆઈ) એરપોર્ટ પર રનવે પર 'ફુલ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી.

એરપોર્ટ સત્તાવાળાઓએ તાત્કાલિક ઈમરજન્સી રિસ્પોન્સ પ્રોટોકોલ સક્રિય કરતાં રનવે 28ને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યો હતો. 161 મુસાફરોને લઈને વિશાખાપટ્ટનમ-દિલ્હી ફ્લાઈટ સવારે 11 વાગ્યાની આસપાસ સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ઈમરજન્સી લેન્ડિંગની જાણ સવારે 10:53 વાગ્યે કરવામાં આવી હતી. ત્યાર બાદ તમામ એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી હતી અને ફાયર ટેન્ડરો રનવે પર મોકલવામાં આવ્યા હતા.

દિલ્હી ફાયર સર્વિસિસ (ડીએફએસ)એ એક નિવેદનમાં આ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, "અમને સવારે 10:53 વાગ્યે એલર્ટ મળ્યું હતું અને અમે તાત્કાલિક ફાયર ટેન્ડરો મોકલ્યા હતા. વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું છે."

ઘટના બાદ ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરને અનુસરીને સાવચેતીના ભાગરૂપે પાઈલટોએ પ્રાયોરિટી લેન્ડિંગ માટે વિનંતી કરી હતી. વિમાન દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતર્યું હતું. તમામ સંબંધિત સત્તાવાળાઓને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને પ્લેન હવે જરૂરી તપાસ અને જાળવણી (મેન્ટેનન્સ) હેઠળ છે. ઈન્ડિગોમાં, અમારા ગ્રાહકો અને ક્રૂની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.